# સ્વાર્થ જોડણી કોશ

ગુજરાતીમાં જોડણીસુધારની હિલચાલ છેલ્લા કેટલાક વખતથી ચાલે છે. (કેટલાક અપવાદ બાદ કરતાં) જોડણી સાચી હોય કે ખોટી, તેનાથી શબ્દોના અર્થમાં ફરક પડતો નથી. ગધેડુ ગધેડૂ થાય તો પણ તેનો અવાજ 'હોંચી હોંચી' જ રહે છે અને તેની લાત વાગે જ છે. ખરી જરૂર જાણીતા શબ્દોના સૌના મનમાં રમતા, પણ કદી જીભ પર ન આવતા અર્થો શોધી કાઢવાની છે. એ દિશામાં શરૂઆત તરીકે, સાર્થ જોડણી કોશના કેટલાક શબ્દોના જીભે ચડતા નહીં, પણ મનમાં રમતા અર્થ.

૧. **અવિકાર :** બીજાની કાર જોયા પછી પણ જેના મનમાં વિકાર ન જન્મે તે

૨. **અવિક્રેય :** *'વેચવાનું નથી'* એવી ખોટી છાપને કારણે ન વેચાતું હોય એવું

૩. **અવિનાશી :** (ઉઠાંતરીને કારણે) કદી ખૂટે નહીં એવું

૧૩. **અશાંત :** શાંત નહીં તેવું; કરફ્યૂગ્રસ્ત

૧૪. **અશિષ્ટ :** *'અશિસ્ત'*નું પારસી બોલીમાં થયેલું અપભ્રંશ

૧૫. **આપઘાત :** સ્વાવલંબનનો સર્વોચ્ચ અને અંતિમ પ્રકાર

૧૬. **આપત્તિ :** પતિને કારણે / પતિ માટે ઉભી થતી મુશ્કેલી

૧૭. **આપદ્ધર્મ :** આપત્તિના સમયમાં જે કરવાની છૂટ મળી હોય તેને જ ધર્મ ગણીને આચરણ કરવું તે; પાદપ્રહાર (લાત) દ્વારા ધર્મનું સ્મરણ કરાવવું તે

૧૮. **આપવડાઇ :** પોતાની જાતે પોતાનાં વખાણનાં વડાં તળવાં તે

૧૯. **આપમતલબી :** *'આપ, આપ'* કહીને સિફતથી પોતાનો મતલબ સાધી લેતું

૨૦. **આપવીતી :** પોતાના પર એક વાર વીતેલું અને તેના વર્ણન દ્વારા બીજા લોકો પર અનેક વાર વીતેલું તે

**બોલ્યુંચાલ્યું માફ**

■ ઉર્વીશ



૪. **અવિભક્ત :** બાવાજી પ્રત્યેની આંધળી ભક્તિને કારણે તેમની સાથે એકરૂપ થઇ ગયું હોય એવું

૫. **અવિવેક :** વિવેક ન સમજતા લોકો સાથેની વાતચીતમાં પ્રયોજાતો તેમને સમજાય એવો વિવેક

૬. **અવિશ્વાસપાત્ર :** ઉછીના રૂપિયા મળ્યા પછી શ્વાસ ખાવા પણ રોકાયા વિના ગુમ થઇ જાય એવું પાત્ર

૭. **અવેજી :** વેજિટેરિયન ભોજન ન મળવાથી તેના બદલામાં ખવાતું નોનવેજિટેરિયન ખાણું

૮. **અવેતન :** *'મફતીયા'* માટેનો શિષ્ટ શબ્દ; વેતન કઢાવવાની અક્ષમતાને કારણે કરવું પડતું માનદ્ કામ

૯. **અશક્તિ :** શક્તિશાળી બનવાના પ્રયત્નોથી પડતા શ્રમને કારણે આવતી નબળાઇ

૧૦. **અશક્ય :** નેપોલિયનના કોશમાંથી બાકાત રહી ગયેલો અને આપણા કોશમાં ઉમેરી લેવાયેલો એક શબ્દ

૧૧. **અશરાફ :** શરાફ ન હોય એવું; ઇમાનદાર

૧૨. **અશાસ્ત્રીય :** સુગમ; શાસ્ત્રીય નહીં તેવું; સહેલું

૨૧. **આપ્યાયમાન :** આપ્યાયન (પ્રેમ;સંતોષ)ને કારણે જાડું થતું / ફાલતું

૨૨. **આફરીન :** જમ્યા પછી આફરો ચડવાને કારણે ઉભા ન થવાતું હોય એવા સંજોગોમાં, થોડો વધુ સમય બેસી રહેવા માટે રસોઇ બનાવનારથી માંડીને બીજી કોઇ પણ ચીજ પર વારી જવું

૨૩. **આફરો :** ભારે જમ્યા પછી *'ફરો, ફરો'*ના સૂચનને અમલમાં ન મૂકવાને પરિણામે થતી અકળામણ

૨૪. **આફ્રિકા :** પૃથ્વીના પાંચ ખંડો પૈકી વણખેડાયેલા એક ખંડની અપાર કુદરતી સંપત્તિ જોયા પછી કાઠિયાવાડી બંધુને થયેલો પ્રશ્ન : આ (બધું) ફ્રી, કાં?

૨૫. **આબરૂ :** કળિયુગમાં જેની રોકડી ન થઇ શકે એવી કીર્તિ ; નામના

૨૬. **આબાદ :** ભરપૂર વસ્તી હોવાને કારણે બરબાદીના પંથે આગળ વધી રહેલું; સમૃદ્ધ

૨૭. **આબોહવા :** વાતના તમામ વિષયો ખૂટી જાય ત્યારે મદદે આવતાં (જે તે પ્રદેશનાં) હવાપાણી

**૨૮. આબ્દિક :** (અઠવાડિયા કે પખવાડિયાનું કહીને) વર્ષે પ્રગટ થતું સામયિક

**૨૯. આભલું :** જોનાર ધારે તો આખું આભ એક ટચુકડા અરીસામાં સમાઇ શકે છે, એવી ફિલસૂફી સમજાવતો ઝીણો ગોળ કાચ

**૩૦. આભડછેટ :** બીજી કોઇ રીતે ચડિયાતા ન થઇ શકાય એમ હોય એવા લોકોના કેવળ સ્પર્શથી અભડાઇ જવાય, તેવી માન્યતા પાળીપોષીને પોતાની ખોટી મહત્તા ટકાવી રાખવાનો કારસો

**૩૧. આભા :** સ્ટુડિયોના લાઇટિંગને કારણે ચહેરા પર દેખાતી નકલી કાન્તિ; તેજ

**૩૨. આભાર (માનવો) :** કોઇના ઉપકારનો ભાર ઝટ દઇને ઉતારી દેવા માટેની ચેષ્ટા

**૩૩. આભાસ :** હાલીમવાલીના ચહેરામાં આભાનો ભાસ(ભ્રમ)થવો તે

**૩૪. આભૂષણ :** પોતાના શરીરની અને સોનીની દુકાનની શોભા ટકી રહે એ માટે ખરીદાતું/પહેરાતું ઘરેણું

**૩૫. આભ્યાસિક :** સતત અભ્યાસ-મહાવરામાંથી પરિણમતી ‘સિક’નેસ

**૩૬. આમ :** આમ(સામાન્ય) જનતાને પરવડે નહીં એવો ભાવ ધરાવતી કેરી

**૩૭. આમરણ :** (‘કોની જિંદગી?’ તેની સ્પષ્ટતા કર્યા વિના) જિંદગી પર્યંત

**૩૮. આમલી :** જેનાં કાતરિયાં (કાતરા) આંખોને બદલે મોંથી ખાઇ શકાય એવું ફળ; મહેનતનાં ફળ ખાટાં પણ હોઇ શકે એ સૂચવતું એક ફળ; - રમાડવી : ઉંધુંછતું સમજાવીને ભરમાવવું; પ્રેસ કોન્ફરન્સ કરવી; રાષ્ટ્ર/રાજ્ય જોગું નિવેદન કરવું

**૩૯. આમળિયું :** વિદ્યાર્થીઓના કાન, જેનો ઉપયોગ શિક્ષકો આમળવા માટે કરે છે.

**૪૦. આમાદા :** (માદા સાથે કોઇ પણ પ્રકારે સંપર્ક સ્થાપિત કરવા માટે) તત્પર; ઉત્સુક

**૪૧. આમીન :** પોતે જેની પૂર્તિ માટે કંઇ જ ન કરવાનું હોય એવા આશીર્વાદના છેડે બોલાતું *‘તથાસ્તુ’*જેવું આર્શીવચન

**૪૨. આમુખ :** પુસ્તકના બાકીના શરીરનો અંદાજ જેની પરથી આવી શકે એવું પુસ્તકનું મુખ; પ્રસ્તાવના

**૪૩. આમૂલ :** શરૂઆતથી જ ‘અમૂલ’નાં બટર-ચીઝ પર ઉછરેલું

**૪૪. આમેજ :** બાજુની ખુરશી પાસે પડેલા મેજ(ટેબલ)ને પોતાના ટેબલ સાથે ભેળવવું તે

**૪૫. આયા :** હિંદી ફિલ્મોમાં ‘હમકો બાબાલોગ અચ્છા લગતા’ જેવું એંગ્લો ઇન્ડિયન હિંદી બોલતી, ધનવાન કુટુંબના છોકરાને ઉછેરવા રાખેલી અને છોકરાં પર તેમની માતા કરતા વધારે લાગણી ધરાવતી સ્ત્રી

**૪૬. આયાત :** પરદેશથી આવેલી આયા (અથવા બીજી કોઇ પણ નિર્જીવ ચીજવસ્તુ)

**૪૭. આયાસ :** (સારી આયા શોધવા માટે કરવી પડતી મહેનત) પ્રયત્ન

**૪૮. આયુર્વેદ :** બીજા વેદોની જેમ અધકચરા જ્ઞાનીઓને ચરી ખાવા માટે ઉપયોગી એવું આર્યોનું વૈદકશાસ્ત્ર

**૪૯. આયોજન :** કોઇ પણ પ્રકારનું આયોજન ન હોય એવી છાપ ઉભી થાય, એ જાતની યોજના કે વ્યવસ્થા કરવી તે ■

## ક્વિઝ

(૧) નાસાનું મેસેન્જર યાન કયા ગ્રહ તરફની સફરમાં છે?
(અ) પ્લૂટો (બ) મંગળ (ક) બુધ

(૨) નંદન કાનન રાષ્ટ્રિય ઉદ્યાન ક્યા રાજ્યમાં આવેલું છે?
(અ) મહારાષ્ટ્ર (બ) ઓરિસ્સા (ક) મધ્ય પ્રદેશ

(૩) માલતી શંકર દીક્ષિત એટલે કોણ?
(અ) માધુરી દીક્ષિત (બ) શીલા દીક્ષિત (ક) ગીતા બાલી

(૪) થાઈલેન્ડમાં ક્યા રાજવી પરિવારનું શાસન છે?
(અ) ફરસી (બ) ચક્રી (ક) લૂઈ

(૫) લેખક ચાર્લ્સ ડિકન્સનું મૃત્યુ કઈ સાલમાં થયું હતું?
(અ) ૧૮૭૦ (બ) ૧૮૭૯ (ક) ૧૮૮૯

(૬) લાંબી કૂદમાં રન વેની લંબાઈ કેટલી હોય છે?
(અ) ૨૫ મીટર (બ) ૩૫ મીટર (ક) ૪૫ મીટર

(૭) હ્યુમન ક્લોનિંગના સંશોધનને મંજૂરી આપનારો પ્રથમ દેશ ક્યો?
(અ) જર્મની (બ) બ્રિટન (ક) અમેરિકા

(૮) પ્રકાશની ઝડપ દર સેકંડે કેટલા કિલોમીટરની હોય છે?
(અ) એક લાખ (બ) બે લાખ (ક) ત્રણ લાખ

(૯) ભારતના ક્યા સંતને જન્મ્યા ત્યારે મોઢામાં બત્રીસ દાંત હતા?
(અ) તુલસીદાસ (બ) નામદેવ (ક) રામકૃષ્ણ પરમહંસ

(૧૦) સંઘલોકસેવા પંચના અધ્યક્ષ અને સભ્યોની નિમણૂક કોણ કરે છે?
(અ) વડાપ્રધાન (બ) રાષ્ટ્રપતિ (ક) એટર્ની જનરલ

(૧૧) સતીષ ગુજરાલનું નામ ક્યા ક્ષેત્ર સાથે સંકળાયેલું છે?
(અ) ચિત્રકલા (બ) કાષ્ઠકલા (ક) સંગીત કલા

(૧૨) ભારતીય સમુદ્રી દિન ક્યારે ઉજવાય છે?
(અ) ૧૭ જાન્યુઆરી (બ) ૨ ફેબ્રુઆરી (ક) ૫ એપ્રિલ

(૧૩) ‘લેવ’ ક્યા દેશનું ચલણ છે?
(અ) ઈટાલી (બ) બલ્ગેરિયા (ક) નોર્વે

(૧૪) સિક્કાના ઢગલામાંથી ૩,૫,૭ અને ૧૧ સિક્કાને થપ્પીમાં ગોઠવતાં દરેક વખતે ૧ સિક્કો વધે છે, તો કુલ સિક્કા કેટલા?
(અ) ૧૧૫૬ (બ) ૧૧૫૯ (ક) ૧૨૦૫

(૧૫) ‘ફૂલઝાઝ’ સંગીત કોની દેન છે?
(અ) માઈલ્સ ડેવિસ (બ) દલેર મહેંદી (ક) બિંગ કોઅવે

### ઉત્તરો

(૧) ક (૨) બ (૩) અ (૪) બ (૫) અ (૬) ક (૭) બ (૮) ક (૯) અ (૧૦) બ (૧૧) અ (૧૨) ક (૧૩) બ (૧૪) અ (૧૫) ક